BOCHASANWASI SHRI AKSHARPURUSHOTTAM
SWAMINARAYAN SANSTHA
PUBLIC TRUST REG. NO. A/2500/AMDDAVAD.
H.O.: SHRI AKSHARPURUSHOTTAM SWAMINARAYAN CENTER, SHAHIBAUG, AMDAVAD-380 004.

TEL.: (91-79) 2562 5476
FAX : (91-79) 2562 5012
WEBSITE : www.swaminarayan.org
Email : info@swaminarayan.org

- **અમદાવાદના ચાંદખેડા ખાતે ૧૩ થી ૧૭ ડિસેમ્બર દરમ્યાન ઉજવાશે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનો શતાબ્દી મહોત્સવ.**
- **આશરે ૩૦૦ એકર જમીન પર સ્વર્ગની અનુભૂતિ કરાવતું સ્ટેજ, હજારો ભક્તોને સમાવતો વિશાળ ઓપન સભામંડપ અને આઠસો કલાકારોના નૃત્ય સૌને અભિભૂત કરશે.**
- **તા. ૧૩-૧૨-૦૭ શતાબ્દી મહોત્સવ ઉદ્‌ઘાટન તથા યુવાદિનની ઉજવણી, તા.૧૪-૧૨-૦૭ ના રોજ મહિલાદિન, ૧૫-૧૨-૦૭ ના રોજ બાલદિન તથા ૧૭-૧૨-૦૭ ના રોજ ગુરુભક્તિ દિન ઉપક્રમે પ.પૂ. પ્રમુખસ્વામીની ૮૭મી જન્મજયંતી ઉજવાશે.**
- **આસ્થા ચેનલ દ્વારા દરરોજ સાંજે ૫:૩૦ કલાકે જીવંત પ્રસારણ વિશ્વભરમાં પ્રસારિત થશે : દેશ-વિદેશ સ્થિત હજારો હરિભક્તો-સંતો ઉપસ્થિત રહેશે.**

અમદાવાદ તા. ૮-૧૨-૨૦૦૭

ભગવાન સ્વામિનારાયણે ચીંધેલા વૈદિક યુગલ ઉપાસનાના માર્ગને પોતાના ગુરુ બ્રહ્મસ્વરૂપ ભગતજીમહારાજ થકી પોતાની વિચક્ષણ અને પરીક્ષણ બુદ્ધિથી સુપેરે સમજીને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે ઇ.સ. ૧૯૦૭માં B.A.P.S. સંસ્થાની સ્થાપના કરી . ૫-૬-૧૯૦૭ (સંવત ૧૯૬૩) ના રોજ ચરોતરમાં બોચાસણ ગામે તેમણે પ્રથમ શિખરબધ્ધ મંદિર બાંધીને શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠા કરી ત્યારથી જ આ સંસ્થા 'બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા' તરીકે સમાજમાં કાર્યરત બની છે.

અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતના પ્રવર્તન માટે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજીમહારાજ અને તેમના નિર્વાણ બાદ તેમના અનુગામી બ્રહ્મસ્વરૂપ યોગીજીમહારાજ પોતાના જીવનના અંતિમ શ્વાસ સુધી અનેક કષ્ટો-સંઘર્ષો વેઠીને ગામોગામ વિચરણ કરીને લોકોને આ મોક્ષમાર્ગ સમજાવ્યો. તેમણે ઉપાસનાની પુષ્ટિ માટે મંદિરો બાંધ્યા, બાળ-યુવા કેન્દ્રો, મહિલા કેન્દ્રોની સ્થાપના કરી તથા હરિભક્તો-ભાવિકોનો એક આદર્શ નિયમધર્મ યુક્ત દૃઢ સત્સંગી સમાજ તૈયાર કરતા ગયા.

આજે ૧૦૦ વર્ષ પછી આ સંસ્થા તેના શતાબ્દી મહોત્સવ ના આરે આવીને ઉભી છે ત્યારે સાંપ્રત કાળે વર્તમાન ગુરુ પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં આ સંસ્થાનો સેવા, સર્મપણ, સત્સંગ અને સિદ્ધાંત નિષ્ઠાનો દોર વણથંભ્યો ચાલુ જ છે.

સંસ્થાની આ ૧૦૦ વર્ષની યાત્રા દરમ્યાનના સંઘર્ષોને, સેવાઓને, જતન કરેલા સિદ્ધાંતો અને મૂલ્યોને, યાદગાર ઐતિહાસિક ક્ષણોને અને વિકસાયેલા વૃક્ષોના ફળોને આ B.A.P.S. શતાબ્દી મહોત્સવના ચાર દિવસીય ભવ્ય કાર્યક્રમો જુદા જુદા માધ્યમોથી, વિવિધ રૂપે સૌને માણવા મળશે.

' B.A.P.S. શતાબ્દી મહોત્સવ'ને હવે જ્યારે જૂજ દિવસો જ બાકી રહ્યા છે ત્યારે અમદાવાદ-ગાંધીનગરના માર્ગે આવેલા ચાંદખેડા વિસ્તાર પર આશરે ૩૦૦ એકરની વિશાળ ભૂમિ પર આ મહોત્સવની તડામાર તૈયારી સૌ જનસામાન્યની નજરે ચડયા વિના રહેતી નથી. મુખ પર અનેરા આનંદ અને ઉત્સાહ સાથે ૧૦,૦૦૦ ઉપરાંત સ્વયંસેવકો તથા સંતો વિવિધ પ્રકારની સેવા કરતા દેખાય છે. એક જાદુઇ નગરીની પેઠે રોજ કંઇ ને કંઇ થોડું નવું નવું નજરાણું આ નગરમાં ઊભું થતું જાય છે.

નગરમાં પ્રવેશ માટે સુંદર કલાત્મક ૯ પ્રવેશદ્વારો ઊભા થઇ રહ્યા છે. જેમાં મુખ્ય ત્રણ દરવાજા ૩૫ ફુટ ની ઊંચાઇ તેમજ બાકીના ૬ દરવાજા ૨૫ ફુટની ઊંચાઇ ધરાવે છે.

નગરમાં પ્રવેશતાં જ જ્યાંથી સતત ૪ દિવસ આપણને અભિભૂત કરે તેવા આકર્ષક કાર્યક્રમોની શ્રૃંખલા રજૂ થનાર છે તે વિશાળ સ્ટેજ તથા સભા મંડપ દૃષ્ટિગોચર થાય છે. સંસ્થાના પ્રતીક સમાન 'અક્ષર દેરી', દિપ સ્તંભ, મંદિર શિખર વગેરે વિશાળ આકારોની ડિઝાઈન સ્ટેજના પશ્ચાદ્‌ભૂમાં ઝીણી મહેનત સાથે ખડી થઈ રહી છે. મહોત્સવનું મુખ્ય સ્ટેજ ૩૫૦ ફુટ લંબાઈ તથા પીછવાઈમાં બાવન ફુટ ઉંચાઈ ધરાવે છે, જેના પર નાના-મોટા વિવિધ ૮ નૃત્યમંચ પણ છે. આ સમગ્ર તૈયારીમાં સંસ્થાના સમર્પિત, લુહાર, દરજી, મિસ્ત્રી સ્વયંસેવકો દિન-રાત લાગી ગયા છે.

આ વિશાળ સ્ટેજ ઉપરથી પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પાવન હાજરીમાં તેમજ સંસ્થાના સેંકડો સંતો, મહાનુભાવો તથા લાખોની જનમેદનીની ઉપસ્થિતિમાં તા. ૧૩-૧૨-૨૦૦૭ ના રોજ મહોત્સવના શાનદાર ઉદ્‌ઘાટન સાથે સાંજે યુવા દિન ઉજવાશે. જેમાં સિદ્ધાંત, સાધુતા, સેવા, સમર્પણ, સંપ અને સત્પુરુષ, B.A.P.S. સંસ્થાના વિકાસના પાયામાં રહેલા આ છ મુખ્ય મુલ્યો રહેલા છે. જેનું સુંદર નિદર્શન સંત વક્તવ્યો તથા યુવાનૃત્ય દ્વારા થશે. તદ્‌ઉપરાંત છેલ્લા ચાર દાયકાથી સંસ્થાએ સમાજને જે ચારિત્ર્યવાન યુવા સમાજની ભેટ ધરી છે, તેની રોચક ગાથા સૌને માણવા મળશે. આ કાર્યક્રમમાં ૨૦૦૦ નવયુવાનો દ્વારા સંસ્કારિતા અને તેજસ્વિતા ના મુદ્રાલેખ સાથે સાંસ્કૃતિક રજૂઆત અને મંચ પર અનેક વિધ વેશભૂષામાં સજ્જ એકી સાથે ૫૦૦ યુવાનોની વિવિધ નૃત્ય પરંપરા દ્વારા સંસ્થાના મૂળભૂત મૂલ્યોનું નિદર્શન થશે.

તા.૧૪-૧૨-૨૦૦૭નો દિવસ મહિલા કાર્યક્રમનો છે. B.A.P.S. સંસ્થા ના મહિલા કાર્યાલય દ્વારા સમાજમાં B.A.P.S. સંસ્થા દ્વારા સંચાલિત ૩૦૦૦ મહિલા કેન્દ્રોના આધ્યાત્મિક, સામાજિક, શૈક્ષણિક વગેરે ક્ષેત્રે થયેલા પ્રદાનની રજૂઆત થશે. સૌને ભક્તિ અને પારિવારિક મૂલ્યોની પ્રેરણા મળે તે માટે એક ભવ્ય મહિલા પરેડનું નિદર્શન થશે. તદ્‌ઉપરાંત ૧૦૦૦ થી વધારે મહિલાઓ દ્વારા નવધાભક્તિ નૃત્ય, કંકાવટી નૃત્ય, સંવાદ, ઈન્ટરવ્યુ વગેરે રસપ્રદ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ થશે.

તા.૧૫-૧૨-૨૦૦૭ના રોજ B.A.P.S. સંસ્થાના વિશ્વવ્યાપી ૫૫૦૦ બાળ કેન્દ્રોના, દેશ-વિદેશના ૨૦,૦૦૦ બાળકો ઉપસ્થિત હશે. આ 'બાળદિન'માં એક ખૂબ જ દર્શનીય કાર્યક્રમમાં કુલ ૧૫૦૦ બાળકો ભાગ લેશે જેમાં ૬૦૦ બાળકો પરેડ દ્વારા અને અન્ય ૪૫૦ બાળકો એક સાથે વિવિધ વેષભૂષામાં નૃત્ય કરતા દેખાશે. સંસ્થાએ ખીલવેલા આ બાળકો સમાજમાં રમત-ગમત, શિક્ષણ વિવિધ કળાઓ, ચારિત્ર્ય, સંસ્કાર, સેવા, વ્યસનમુક્તિ દ્વારા કેવી સુવાસ ફેલાવે છે તેનું રોમાંચકારી દર્શન સૌને આ દિવસે થશે.

તા.૧૭-૧૨-૨૦૦૭, મહોત્સવના અંતિમ દિવસે જેઓ પોતાની સાધુતા, સેવા, સ્નેહ અને સમર્પણ દ્વારા સંસ્થાના જ નહીં પરંતુ સૌના લોકલાડીલા બન્યા છે તેવા વિશ્વ વંદનીય પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો ૮૭મો જન્મ દિવસ છે. લાખો ભક્તોની ઉપસ્થિતિમાં આ યુગવિભૂતિની જન્મજયંતી સૌ ભક્તિભાવથી કૃતજ્ઞતાપૂર્વક ઉજવશે.

આ ઉત્સવના સાંસ્કૃતિક નૃત્યોમાં ભાગ લેનારા બાળકો-યુવાનોએ પોતાની દિવાળી વેકેશનની રજાઓનો ત્યાગ કરીને કુલ ૩૫ દિવસથી વધુ, નૃત્યની સઘન તાલીમ મેળવી રહ્યા છે, શતાબ્દી મહોત્સવ ઉજવવાનો અનેરો ઉત્સાહ આ સૌ-બાળયુવાનોના ચહેરાઓ ઉપર મલકાઈ રહ્યો છે.

દિનરાત સંસ્થાના મહોત્સવમાં ટ્રાન્સપોર્ટ વિભાગ પોતાના ૧૦૦૦ સ્વયંસેવકો દ્વારા બસો, વગેરે જરૂરી વાહનોની વ્યવસ્થા તથા પાર્કીંગની જગ્યાઓનું એવી રીતે આયોજન કરી રહ્યા છે કે મહોત્સવમાં આવેલા હજારો વાહનો અડચણ વગર ટ્રાફિક જામ થયા વગર વિદાય વખતે થોડા વખતમાં પોત પોતાના મુખ્ય માર્ગો પર ગતિ કરવા માંડે, તો રસોડા વિભાગમાં ૧૯૦૦ યુવા સ્વયંસેવકો તથા ૧૭૦૦ મહિલા સ્વયંસેવકો ઉત્સવના દિવસોમાં સૌને પાકું ભોજન બનાવીને પીરસવાની તહેનાતમાં છે.

B.A.P.S. સંસ્થાના ઉત્સવોનું સ્ટેજ ડેકોરેશન કે મુખ્ય પ્રવેશ દ્વારોની કલાત્મકતા સારા સારા કલાકારોને પણ કંઈક અનેરું નવું શીખવા મળે તેવા પ્રેરણાત્મક હોય છે. આ ઉત્સવના ડેકોરેશન વિભાગ માં ૩૩ જેટલાં સંતો

તથા ૨૩૭ સ્વયંસેવકો સતત બે માસથી ફાઇલ વર્ક દ્વારા, પેઈન્ટીંગ દ્વારા, કે થર્મોકોલ શીટ પર ઝીણી કોતરણી દ્વારા આ મહોત્સવની સુંદર સજાવટ માં રાત-દિવસ કાર્યરત છે.

આ નગરમાં જરૂરી વિભાગોમાં પાણી પહોંચાડવા માટે પાણી વિભાગ પણ છે જેમણે બે સ્વચ્છ પાણીના મોટા કૃત્રિમ સરોવર ઊભા કરીને પાણીની સુવિધા ઊભી કરી છે. બાંધકામ, ઈલેક્ટ્રીક વગેરે વિભાગોમાં સંસ્થાના જે તે વિષયના નિષ્ણાત એન્જિનીયર, ટેકનીશીયન સ્વયંસેવકો તથા સંતો ભારે કુશળતા પૂર્વક જરૂરીયાતો પૂરી કરી રહ્યા છે.

આ મહોત્સવમાં ગુજરાત તથા ઈતર રાજ્યોમાંથી તેમજ ભારત તથા અન્ય દેશોમાંથી પધારનારા, B.A.P.S. ના હજારો હરિભક્તોના ઉતારા તથા અન્ય સુવિધાઓ માટે ઉતારા અને રિસેપ્શન વિભાગ તેમની સેવામાં ખડે પગે હાજર છે. વિદેશથી આવનારા હરિભક્તોને આવકારવા માટે અમદાવાદ હવાઈમથકે તેમજ રેલ્વેસ્ટેશને સ્વાગતકક્ષની રચના પણ કરવામાં આવી છે.

આમ B.A.P.S. સ્વામિનારાયણ સંસ્થાના આ ભવ્ય શતાબ્દી મહોત્સવમાં સંસ્થાના ડોકટર, એન્જિનીયરથી માંડીને સુથાર, કડિયા, દરજી કે ચિત્રકાર વગેરે જરૂરી કલાકૌશલ્ય યુક્ત ભાઈઓ બહેનો મળીને કુલ ૧૪,૦૦૦ સ્વયંસેવકો સેવામાં જોડાયા છે. જેમાં કોઈએ ૨૦ દિવસ, ૧માસ, દોઢ માસ કે બબ્બે માસ સુધી પોતાના સમયનું યોગદાન આપેલ છે. સાથે સાથે ૨૫૦ ઉપરાંત સંતો-દ્વારા શતાબ્દી મહોત્સવની પૂર્વતૈયારીઓ પૂરજોશમાં અને ભારે ઉત્સાહના માહોલમાં ચાલી રહી છે.

જ્યાં આ B.A.P.S. શતાબ્દી મહોત્સવ યોજાઇ રહ્યો છે તે આશરે ૩૦૦ એકરની વિશાળ જમીન, ચાંદખેડા ગામના ઘણા બધાં ભાવિક ખેડૂતો અને બિલ્ડરોએ મળીને, સંસ્થાને નિઃસ્વાર્થભાવે સેવામાં વાપરવા માટે આપીને એક ઉમદા સેવા અને સહકારની ભાવનાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

યુનોનું માનદ્ સભ્યપદ ધરાવતી અને વિશ્વભરમાં ૩,૩૦૦ સત્સંગ કેન્દ્રો, ૭૦૦ મંદિરો, ૭૮૦ સાધુઓ, ૫૫,૦૦૦ સ્વંયસેવકો અને ૧૦ લાખ અનુયાયીઓ ધરાવતી આ ધાર્મિક-સામાજિક સંસ્થાનો શતાબ્દી મહોત્સવ એક યાદગાર ઐતિહાસિક ઘટના બની રહેશે.

''આસ્થા ચેનલ'' પર આ શતાબ્દી મહોત્સવનું જીવંત પ્રસારણ કાર્યક્રમના દિવસો દરમ્યાન દરરોજ સાંજે ૫-૩૦ થી ૮-૩૦ કલાકે રજૂ થશે.